ગુજરાત Gujarat Times ટાઈમ્સ Published on February 01 2008,




# વેબ જગતનું ગુજરાતી કી બોર્ડ શોધનાર સંશોધક :વિશાલ મોણપરા

વિજય શાહ

હ્યુસ્ટનઃ હ્યુસ્ટન સ્થિત વિશાલ મોણપરા અતિ નમ્ર અને મિતભાષી યુવાન છે.તેમને નાનપણથી જ ગુજરાતી ભાષા પ્રત્યે લગાવ હતો. તે શોખ વેબસાઈટ પર વિકસતો રહ્યો. આશરે ત્રણેક વરસ પહેલાં વિશાલે તેમની વેબસાઈટની પ્રથમ આવૃત્તિ બનાવી કે જેમાં દરેક ગઝલને તેઓ ટાઈપ કરીને, તેને ચિત્રમાં રૂપાંતરિત કરીને વેબસાઈટ પર મૂકતા હતા. ગઝલને ટાઈપ કરવા માટે તેઓ નોન-યુનિકોડ ફોન્ટ વાપરતા હતા. આ સમયે માત્ર આંગળીને વેઢે ગણી શકાય એટલી જ ગુજરાતી વેબસાઈટ હતી અને તે જોવા માટેના ફોન્ટ પણ કમ્પ્યુટરમાં નાખવા પડતા હતા.

ત્યારબાદ તેમણે વેબસાઈટની બીજી આવૃત્તિ મૂકી પરંતુ તેમાં પણ ચિત્રરૂપે જ તેમની ગઝલોને મૂકતા હતા. પરંતુ ક્રમશઃ તેમનો ગુજરાતી સર્જનનો શોખ વધતો ગયો અને ગુજરાતી શબ્દોને ટાઈપ કરવા શોધવા પડતા હોવાથી ગઝલને ટાઈપ કરવા માટે ખૂબ જ સમય આપવો પડતો હતો.આ સમયે તેમને વિચાર આવ્યો કે જો આના કરતાં તો આપણે જેમ ગુજરાતીને અંગ્રેજીમાં લખીએ છીએ તેમજ જો ગુજરાતીમાં ટાઈપ પણ કરી શકતાં હોત તો ખૂબ જ આસાની રહેત. તેમણે વિવિધ વેબસાઈટ પર આ પ્રકારના પ્રોગ્રામની શોધ કરવા માંડી પરંત સફળતા મળી નહિ.

આ જ અરસામાં તેમને ગુજરાતી યુનિકોડ વિશેની માહિતી પ્રાપ્ત થઈ.ત્યારબાદ ખૂબ જ જહેમત બાદ એક એવો ગુજરાતી ટાઈપ માટેનો પ્રોગ્રામ બનાવવામાં સફળતા મળી, જેમાં આપણે જે રીતે ગુજરાતી બોલીએ છીએ,એજ રીતે તેને અંગ્રેજીમાં



વિશાલ મોણપરા

લખવામાં આવે તો લખેલા અંગ્રેજી શબ્દોને તરત જ ગુજરાતી શબ્દોમાં ફેરવે છે. જો 'kaataraએમ અંગ્રેજીમાં લખીએ તો એ તરત જ લખેલા અંગ્રેજી શબ્દને 'કાતર'માં ફેરવે છે. વળી જોડિયા શબ્દ લખવા પણ એટલા જ સહેલા છે. ઉદાહરણ તરીકે,'shabda' લખવાથી 'શબ્દ' લખાઈ જાય છે.

એકવાર ગુજરાતી ટાઈપનો પ્રોગ્રામ પૂરો થયો કે વિશાલને અન્ય ભારતીય ભાષાઓ માટે પણ એવો જ પ્રોગ્રામ બનાવવાની ઈચ્છા જાગી. આથી વિશાલે તેણે આવો જ પ્રોગ્રામ હિન્દી, બંગાળી, કન્નડ, મલયાલમ, પંજાબી , તેલુગુ અને તમિળ ભાષા માટે પણ લખ્યો છે.

વિશાલ મોણપરાના આ પ્રોગ્રામને તેમની વેબસાઈટ પર પણ મૂકવામાં આવ્યો છે, જેથી અન્ય વ્યક્તિઓ પણ એનો ઉપયોગ કરી શકે. અહીં http://demo.vishalon.net/GujaratiTypePad.htmક્લિક કરવાથી પ્રોગ્રામ મેળવી શકાય. આ પ્રોગ્રામ ગુજરાતી યુનિકોડ વાપરતો હોવાને કારણે ગુજરાતી વાંચવા માટે કોઈ પણ ફોન્ટ નાખવા પડતા નથી, જાણે ઈન્ટરનેટ પર ગુજરાતી ભાષામાં ક્રાંતિ આવી ગઈ છે! આ પ્રોગ્રામથી ગુજરાતી લખવાની સરળતાને લીધે ગુજરાતીમાં કેટલીયે વેબસાઈટો શરૂ થઈ ગઈ છે. અત્યારે ગુજરાતીની કોઈ પણ નામાંકિત વેબસાઈટ લો, પછી તે ટહુકો, લયસ્તરો, રીડ ગુજરાતી કે ગુજરાતી સાહિત્ય સરિતા હોય- દરેકમાં ગુજરાતી ટાઈપનો આ પ્રોગ્રામ વપરાય છે.

ત્યારબાદ હ્યુસ્ટન સ્થિત સર્જકો સર્વશ્રી રસિક મેઘાણી, કિરીટ ભક્તા, પ્રવિણા કડાકિયા, સર્યુ પરીખ અને ગિરિશ દેસાઈ વગેરે વ્યક્તિઓએ એવી રજૂઆત કરી કે. તેમની પાસે ગજરાતીમાં ઘણં લખાણ છે. પણ તે નોન-યુનિકોડ ફોર્મમાં છે ,તેથી જો વિશાલભાઈ આ લખાણને યુનિકોડમાં ફેરવવા માટેનો પ્રોગ્રામ બનાવે તો તે ઘણો જ ઉપયોગી થઈ પડે. તેમના સૂચનો મુજબ, વિશાલે કુલ છ પ્રચલિત નોન-યુનિકોડ ફોન્ટને ( જેવાંકેઃ ગોપિકા, કૃષ્ણા, ગોવિંદા, હિતાર્થ, શેફાલી અને વકીલ) યુનિકોડ ફોન્ટમાં રૂપાંતર કરવાનો પ્રોગ્રામ બનાવ્યો જે હાલઅહીં http://www.gurjardesh.com/tabid/171/Default.aspx ક્લિક કરવાથી મળી શકશે.

વિશાલ મોણપરાને ગુજરાતી કી બોર્ડને કારણે હવે અનેક લોકો દુનિયાભરમાં ઓળખે છે. છેલ્લા બે વરસોમાં વધતી જતી ગુજરાતી વેબસાઈટો અને તેના મુલાકાતીઓ તેમજ તેમના પ્રતિભાવો, ગુજરાતી ઈ-મેઈલ અને પ્રિન્ટિંગના ક્ષેત્રમાં આ શોધ ઘણા વિદેશીઓને આશીર્વાદરૂપ થઈ ગઈ છે.

આ શોધને કારણે દાદા અને પૌત્ર- સાથે બેસીને કોમ્પ્યુટર પર ગુજરાતી શીખી શકે છે.વિશાલ જેવા ટેકનોક્રેટ યુવાનો આધુનિક યુગના પરિવેશને સમજીને આધુનિક અભિગમ અપનાવીને , ટેકનોલોજીની સહાયથી ગુજરાતી ભાષાના પ્રચાર, પ્રસાર અને સંવર્ધન માટે સતત યોગદાન આપતાં રહેશે તો ગુજરાતી ભાષાને ઊની આંચ નહિ આવે. વિશાલ મોણપરાનં આ કાર્ય ગજરાતીઓએ બિરદાવવં જોઈએ.

pressmart world's online press.

www.pressmart.net ePaper solution from www.bodhtree.com